અપીલ અરજી નં.૪૨૬ તા.૨૪–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અજય એ.જાંગીડ
સામાવાળાઃ– ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર)
(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અજય એ.જાંગીડની તા. ૧૦–૧૦–૧૧ની અરજીથી બી.ઈ. એન્જી. અને એમ.બી.બી.એસ.ડોકટરોની ડીગ્રી બાબતેની માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૬/૨૦૧૧–૧૨

શ્રી અજય એ.જાંગીડની તા. ૧૦–૧૦–૧૧ની અરજીથી બી.ઈ. એન્જી. અને એમ.બી.બી.એસ.ડોકટરોની ડીગ્રી બાબતેની માંગવામાં આવેલ માહિતી બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા દફતરી માહિતી નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૦૧ તા.૫–૧૨–૧૧ થી** ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી ,ફી ભર્યાની વિગત તથા જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીની નકલ તેની સામે નારાજગી અંગે આધાર સહ સ્પષ્ટતા કરવા તથા વધુમાં તેમની અપીલ અરજીના મુદ્દા નં.૪ ની રજૂઆત જાહેર માહિતી અધિકારીએ અંગ્રેજી અરજીનો પ્રત્યુત્તર અન્ય ભાષામાં આપેલ છે તે બાબતે અરજીની ભાષામાંજ પ્રત્યુત્તર આપવાની કાનુની જોગવાઈના આધાર પણ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સ્મીમેર/આ.નં.૩૨૮૬ તા.૧૩–૧૨–૧૧ થી તથા સ્મીમેર/આ.નં.૩૩૧૩ તા.૧૫–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૮૭૬ તા.૨૦–૧૦–૧૧ થી (૧) જાહેર માહિતી અધિકારી તમામઝોન (૨) જાહેર માહિતી અધિકારી (હાઈડ્રલીક વિભાગ, એસ.યુ.જી.) સો.વે.મે., ડ્રેનેજ) (૩) જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ, બીઆરટીએસ, ટ્રાફીક સેલ, વર્કશોપ, બ્રીજ સેલ, સ્ટ્રીટ લાઈટ વિભાગ) (૪) જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ, (૫) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (૬) જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ (૭) જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ અધિકારી (૮) જાહેર માહિતી અધિકારી અને આરોગ્ય અધિકારી (આરોગ્ય વિભાગ)(૯) ડીન અને જાહેર માહિતી અધિકારી (મેડીકલ કોલેજ અને હોસ્પિ.) ને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, સ્મીમેર તરફથી આપેલ માહિતી અંગે પત્ર નં.સ્મીમેર/૨૯૨૦ તા.૦૯–૧૧–૧૧ ના સમય અવધિ બાદના પત્રની નકલ, તથા તા.૧૫–૧૨–૧૧ ના પત્રની નકલ, ૦.૩૭ સીલેકશન કમીટીઝની જોગવાઈ દર્શાવતાં પાનાની નકલ, કુલ સચિવ દ.ગુ. યુ. નો તા.૩–૨–૧૦ ના પરિપત્રની નકલ, પોસ્ટ ગ્રેજયુએટ ડીગ્રી અને ડીપ્લોમાં મેડીકલ કોર્ષના રુલ્સ અને એપ્લીકેશન ફોર્મ ના વિગતના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી ટીડીઓ/૩૭૬ તા.૧૩–૧૨–૧૧ થી સમય અવધિ બાદ આપેલ માહિતી અંગેના પત્રની નકલ, પર્સોનલ ઓફિસર આરોગ્ય તરફથી પીએચડી/પીઓ/આરટીઆઈ/૨૯ તા.૨૪–૧૧–૧૧ થી સમય અવધિ બાદ આપેલ માહિતી અંગેના પત્રની નકલ, તથા પત્રક–અ ની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૭૬ તા.૧૩–૧૨–૧૧ નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૦–૧૦–૧૧ની અરજીથી બી.ઈ. એન્જી. અને એમ.બી.બી.એસ.ડોકટરોની ડીગ્રી બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સા.વે.ઝોન અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૭૬ તા.૨૦–૧૦–૧૧ થી ઉપરોકત પેરામાં જણાવેલ ૧ થી ૯

નિર્દિષ્ટ વિભાગોના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૭૬ તા.૧૩–૧૨–૧૧ થી સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી પત્ર નં.સ્મીમેર/૨૯૨૦ તા.૦૯–૧૧–૧૧થી સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ છે. જયારે પર્સોનલ ઓફિસર આરોગ્ય મહેકમ તરફથી પત્ર નં.પીએચડી/ પીઓ/આરટીઆઈ/ ૨૯ તા.૨૪–૧૧–૧૧ થી સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧ ) List of all your engineers (including your hired consultant engineers), year of their passing of B.E university, number of backpapers during B.E, list of projects in hand with their cost. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૭૬ તા.૧૩–૧૨–૧૧ થી માંગેલ માહિતી અન્વયે જણાવેલ કે અઠવાઝોન કક્ષાએથી તમોને માંગ્યા મુજબની વિગતોનો કોઈ અલગથી રેકર્ડ નિભાવવામાં આવતો નથી આથી કચેરીનો અગાઉથી સમય અને તારીખ મેળવી ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરી શકો છો. ઉકત રેકર્ડ નિરીક્ષણ માટે પ્રથમ–૩૦ મીનીટનો કોઈ ચાર્જ નથી. ત્યાર બાદ પ્રત્યેક ૩૦ મીનીટના રૂા.૨૦/– લેખે ચાર્જ ભરપાઈ કરવાનો રહેશે. ઉકત રૂબરૂ નિરીક્ષણ બાદ તમો જે વિગતોની જરૂરીયાત હોય તે જણાવ્યેથી ઉકત નકલો/ માહિતી આપવામાં આવશે. (2) Give me the copy of attempt sheet it is more then 2 attempt in B.E. /M/B.B.S. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી પત્ર નં.સ્મીમેર/આ.નં.૨૯૨૦ તા.૦૯–૧૧–૧૧ થી આ અંગેની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય મહેકમ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૨૯ તા.૨૪–૧૧–૧૧ થી સુરત મહાનગરરપાલિકામાં ડોકટરોની નિમણુંક માટેની શૈક્ષણિક લાયકાત M.B.B.S. છે. જુની. મેડીકલ ઓફિસરની જુલાઈ–૨૦૧૧ માં બનેલ પ્રતિક્ષાયાદી અગાઉ બનેલ જુની. મેડીકલ ઓફિસરની પ્રતિક્ષાયાદીમાં M.B.B.S. ની Attempt sheet સામેલ રાખવાનો આગ્રહ રાખવામાં આવતો ન હતો. આથી તમારા તરફથી નામજોગ જણાવવામાં આવ્યેથી તેવા ડોકરટોની Attempt sheet નો રેકર્ડ જો ઉપલબ્ધ હશે તો તુરંત તમોને તેની નકલ પૂરી પાડવામાં આવશે. (3) list of all your Doctor ( including your hired consultant doctors), year of their passing of M.B.B.S. University, number of backpapers during M.B.B.S. List of responsbility. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી રૂા.૫૦/– ભરી હાર્ડ કોપી મેળવી લેવી. તેવું સમય અવધિ બાદ જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય મહેકમ તરફથી સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતા હસ્તકના અર્બન હેલ્થ સેન્ટર/મેટરનીટી હોમ/મોબાઈલ ડીસ્પેન્સરી, મસ્કતી ધમાર્થ હોસિપટલ ખાતે ફરજ બજાવતાં ડોકટરોની માંગ્યા મુજબની માહિતીનું પત્રક આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. (4) Please give me the attested copy of rule which showing exemption of attempted with B.E. and M.B.B.S. /M.D જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી આ અંગેની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૨૪–૧૧–૧૧ થી નિર્દષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અરજી કરેલ. જેમાં અપીલના પ્રશ્ન ન.૨ માં અરજદારે જણાવેલ માહિતી એમ.બી.બી.એસની પરીક્ષા વીર નર્મદ દ.ગુ. યુનિ. તરફથી લેવામાં આવતી હોવાથી તથા ડોકટરના એટેમ્પ્ટ સર્ટી. કોલેજ દફતરે લેવામાં આવતા ન હોવાથી અરજદારને આ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. અરજદારે નોકરી/પી.જી. કોર્ષ માટે એટેમ્પ્ટ સર્ટી. ફરજીયાત હોવાનું જણાવેલ છે જે તેમણે માંગેલ મુળ માહિતી એમ.બી.બી.એસ. ને લગતી હોય અને જયારે અપીલ અરજીમાં જોબ અને પી.જી. કોર્ષને લગતી હોવાથી અપીલ અરજીમાં માંગેલ માહિતી વિસંગત અને મુળ અરજીથી અલાયદી જણાય છે. આમ છતાં સ્મીમેરની ટીચીંગ સ્ટાફની ભરતી રીક્રુટમેન્ટ વિભાગ સુમપા ધ્વારા યુનિ. ના ઓર્ડિનન્સ ૩૭ મુજબ થતી હોય જેની નકલ પણ તા.૧૫–૧૨–૧૧ ના સ્મીમેરના પત્રથી આપવામાં આવેલ છે. અરજદારે અપીલ ના પ્રશ્ન નં.૩ માં વિના મૂલ્યે માહિતીની માંગણીની રજૂઆત કરેલ છે. જે અંગે આરોગ્ય મહેકમ તરફથી તેમજ મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી અરજદારને સમય અવધિ બાદ માહિતી પૂરી પાડેલ હોય તેને વિના મૂલ્યે પૂરી પાડવી. રહે. જયારે સ્મીમેર તરફથી અરજદારને સમય અવધિ બાદ માહિતી પૂરી પાડેલ છે આથી તે સમય અવધિમાં ન હોવાથી વિના મૂલ્યે માહિતી પૂરી પાડવાની રહે અને તા.૧૫–૧૨–૧૧ થી તે વિના મૂલ્યે પૂરી પણ પાડેલ છે. અરજદારના અપીલના પ્રશ્ન નં.૪ માં અરજદારે એટેમ્પ્ટ વાળી વિધાર્થીના પ્રવેશની એકઝામશન. ની જોગવાઈ અને રુલ્સની જોગવાઈની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી એમ.બી.બી.એસના અભ્યાસમાં પ્રવેશ પ્રક્રિયાની કાર્યવાહી એડમીશન કમીટી ફોર મેડીકલ. એન્યુકેશનલ કોર્ષિસ, અમદાવાદ, ગુજરાત અને એમ. ડી. અભ્યાસ ક્રમમાં પ્રવેશ પ્રક્રિયા વીર નર્મદ દ.ગુ.યુનિ. કરે છે. અરજદારે માંગેલ માહિતીમાં એટેમ્પ્ટ વાળા વિદ્યાર્થીને પ્રવેશ માટે એકઝામશન અંગેની જોગવાઈ માટેની હોય. જે અંગે રુલ્સમાં આવી કોઈ જોગવાઈ હોવાનું ધ્યાને નથી. તેથી રેકર્ડ ઉપર માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. આમ છતાં ઉરોકત બંને કમિટીના રુલ્સની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે પ્રશ્ન નં.૪ (૨) મા જાહેર માહિતી અધિકારીએ અંગ્રેજીમાં જવાબ આપેલ નથી અને બીજી ભાષામાં જવાબ કરેલ છે તેવા પ્રશ્ન બાબતે અરજદાર પાસે અપીલ તબકકે પણ અરજીની ભાષામાં પ્રત્યુત્તરની કાનૂની જોગવાઈનો આધાર રજૂ કરવા જણાવવામાં આવેલ છે.

પરંતુ અરજદાર તેમ કરવામાં સફળ રહેલ નથી. વધુમાં આરટીઆઈના કાયદા મુજબ માહિતી જે સ્વરૂપમાં ઉપલબ્ધ હોય તે સ્વરૂપમાં અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારની માહિતી અંગ્રેજી સ્વરૂપમાં હોય તો અને અન્ય સ્વરૂપમાં હોય તો તે સ્વરૂપમાં જણાવેલ છે. વધુમાં માહિતીના પ્રત્યુત્તર બાબતે આરટીઆઈ એકટની કલમ–૬(૧) મુજબ માહિતી મેળવવા માંગતી વ્યકિતએ અંગ્રેજી અથવા હિન્દી અથવા જે તે વિસ્તારમાં અરજી કરવામાં આવતી હોય તેની રાજભાષામાં લેખિત/ઈલેકટ્રોનીક માધ્યમ મારફતે ઠરાવેલ ફી સાથે સબંધિત સત્તા મંડળના યથા પ્રસંગ જાહેર માહિતી અધિકારીએ કરવાની રહે છે પરંતુ તેના પ્રત્યુત્તરમાં કરેલ અરજીની ભાષામાં કરવાની જોગવાઈ નથી. જે અંગ જાહેર માહિતી અધિકારી તરફથી પણ ગુજરાત રાજય વહીવટ પ્રક્રિયામાં ગુજરાતી ભાષા સ્વીકારેલ હોય અરજીનો જવાબ લોકલ ભાષા ગુજરાતીમાં આપેલ છે તેવું જણાવેલ છે. અરજદારે મુળ અપીલમાં માત્ર જાહેર માહિતી અધિકારી સ્મીમેર ને જ પક્ષકાર બનાવેલ અને અપીલ બાદ પૂરક વિગતના તબકકે ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ અન્ય જાહેર માહિતી અધિકારીઓ કક્ષાએથી પણ માહિતી નહીં મળ્યાનું જણાવી તા.૨૨–૧૨–૧૧ ના રોજ રજૂઆત કરેલ. જેથી અન્ય જાહેર માહિતી અધિકારીને પક્ષકાર તરીકે જોડી શકાયેલ નથી. વાસ્તવમાં માંગેલ માહિતી અંગે અરજદાર સ્વયં સ્પષ્ટ જણાતા નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૧૦–૧૧ થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી સમય અવધિ બાદ નાણા ભરવા માટે પત્ર પાઠવી માહિતી મેળવવા જણાવેલ પરંતુ ત્યાર બાદ તા.૧૫–૧૨–૧૧ ના પત્રથી માંગવામાં આવેલ માહિતી વિના મૂલ્યે ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ તેમના પૂરતી અપીલીય કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

ઈન્સ્પેકશન અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી કરેલ પ્રસ્તાવ અનુસાર અરજદાર ઈચ્છુક હોય તો ઓફિસ કામકાજના સમય દરમ્યાન દિન–૭ માં આગોતરો સમય મેળવી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે ઈન્સ્પેકશન મેળવવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયેથી અમલવારી કરવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ) ને જણાવવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય ધ્વારા અરજદારને નામ જોગ વિગત માંગ્યેથી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવા પ્રસ્તાવ કરેલ છે તે જોતાં અરજદાર જાહેર માહિતી અધિકારી આરોગ્યનો દિન–૭ માં સંપર્ક કરી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે.

અરજદારે અપીલમાં પાછળથી પક્ષકાર તરીકે જોડેલ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી મળેલ ન હોય તો આજ અપીલનો સંદર્ભ આપી દિન–૭ માં વ્યકિતગત જાહેર માહિતી અધિકારી દીઠ નારાજગીના મુદ્દા સહ સ્વયં સ્પષ્ટ રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ) તથા ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી સ્મીમેર....જાણ તથા અમલ માટે
(૨) શ્રી અજય એ.જાંગીડ,